# – :: સ્વાંતઃ સુખાય પ્રોજેક્ટ :: –

**આ પ્રોજેક્ટ હેઠળ આ કચેરી દવારા અધેવાડા પાણી પુરવઠા યોજના હાથ ધરવામાં આવેલ છે. અને તેનાથી લોકોને પીવાના પાણી સવલત મળે અને અધિકારી – કર્મચારીમાં પણ સુખની લાગણી પ્રાપ્ત થાય તે અંતર્ગત હાથ ધરવામાં આવેલ અધેવાડા પાણી પુરવઠા પ્રોજેક્ટની વિગતો આ પ્રમાણેની છે.**

ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની રચના તા. ૩૦-૧-૧૯૭૮ના રોજ થયેલ છે. સત્તામંડળની કુલ હદ વિસ્તાર ૩૧૬ ચો.કિ.મી. છે. જે પૈકી ૫૩.૫૦ ચો.કિ.મી. બાડા મહાનગરપાલિકા વિસ્તાર છે. જયારે ગ્રામ્ય વિસ્તાર (૧૬ ગામ) ૨૬૨.૫૦ ચો.કિ.મી જેટલો છે. અને આ હદમાં સને ૨૦૦૧ વસ્તી ગણતરી મુજબ ૬,૦૬,૪૨૫ વ્યકિતઓ વસવાટ કરી રહી છે.

સત્તામંડળ પાસે નાણાંકીય તેમજ મહેકમની મુશ્કેલીના કારણે પુરેપુરૂ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરી શકેલ નથી. સત્તામંડળ વિસ્તારમાં વિકાસ પામતા વિસ્તારમાં પાણીનો કાયમી સ્ત્રોત નથી. બોર-કુવાનું પાણી ભાંભરૂ-પીવાલાયક નથી. આથી આ પાણી પુરવઠા પ્રોજેક્ટ ખુબ જ અગત્યનો છે.

સત્તામંડળ હદમાં અધેવાડા ગામની આજુબાજુમાં તેમજ ભાવનગર મહાનગરપાલિકા અને બાડાની હદને અડીને આવેલ કુલ ૩૫ સોસાયટીઓ આ પ્રોજેક્ટ નીચે આવરી લેવામાં આવેલ છે. આ પ્રોજેક્ટથી આશરે ૩૦૦૦ મકાનોમાં રહેતા ૫૦,૦૦૦ (પચાસ હજાર)ની વસ્તીને આનો લાભ પ્રાપ્ત થઇ શકે તેમ છે. આ પ્રોજેક્ટ નીચેનો વિસ્તાર ૫૦ હેક્ટર થવા જાય છે.

આ પ્રોજેક્ટમાં અંડરગ્રાઉન્ડ ટાંકી, પાઇપ લાઇન, આર.સી.સી. સમ્પ, પંપ હાઉસ, ઇલેક્ટ્રીક પ્લાન, કનેકશન,સ્ટાફ તેમજ મહીપરીએજ બુધેલ સમ્પથી પાઇપ લાઇન નાખવાનો ખર્ચ આશરે રૂા.૧,૨૯,૦૦,૦૦૦/- થવા જાય છે. તે પૈકી રૂા.૬૫,૦૦,૦૦૦/- સરકારશ્રી દ્વારા ફાળવવાની આશા રાખવામાં આવે છે તેમજ રૂા.૩૫,૦૦,૦૦૦/-(પાંત્રીસ લાખ) રૂપિયા આ વિસ્તારમાં વસતા લોકોની લોકભાગીદારી/સ્વભંડોળ માંથી પ્રાપ્ત થવાની ધારણા રાખવામાં આવે છે. આ પ્રોજેક્ટ કરવાથી પાણીનો વિકટ પ્રશ્ન હલ થઇ શકે તેમ છે અને લોકોને સુખ/સુવિધા પ્રાપ્ત થઇ શકે તેમ છે.

ભવિષ્યમાં પણ મહાનગરપાલિકાની હદ વધવાની શકયતાને ધ્યાને લેતાં આ વિસ્તારનો બોજો મહાનગરપાલિકાને ફાળે ઓછો આવી શકે તેમ છે અને આ યોજના તે રીતે ખુબ જ અગત્યની પુરવાર થાય તેમ છે.

શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અન્વયે, આ પ્રોજેકટનું ખાત મુર્હુત ૧ લી મે,૨૦૦૫ના ગુજરાત સ્થાપના દિન નિમિતે કરવાથી ભાવનગર માટે એક યાદગાર પ્રસંગ બની રહે તેમ છે.

**આમ આ પ્રોજેકટનું ખાતમુર્હુત ભાવનગર ખાતે તા. ૧ લી મે – ૨૦૦૫ ના રોજ ગુજરાત સ્થાપના દિનની ઉજવણી પ્રસંગે સરકારશ્રી દવારા કરવામાં આવેલ, જે પ્રોજેકટને સત્તામંડળ દવારા સ્વાંતઃ સુખાય પ્રોજેકટ ગણી સત્તામંડળે આ પ્રોજેકટ પૂર્ણ કરવા તેમજ લોકોનો પીવાના પાણીનો વિકટ પ્રશ્ન હલ કરવાની નેમ સાથે આ પ્રોજેકટની કામગીરી નીચેની વિગતે હાથ ધરવામાં આવેલ.**

## પાણી પુરવઠો :-

-----------------

અધેવાડા ગામની આજુબાજુમાં તેમજ ભાવનગર મહાનગરપાલિકા અને બાડાની હદને અડીને આવેલ કુલ ૩૫ સોસાયટીમાં પીવાના પાણી માટેનું વિચારણા કરવામાં આવેલ છે. સદર પ્રોજેકટનો અંદાજીત ખર્ચ રૂા. ૧.૨૯ કરોડ થાય છે. જેમાં, અન્ડર ગ્રાઉન્ડ ટાંકી, ઓવર હેડ ટાંકી, પાઇપ લાઇન, કનેકશન વગેરેનો ખર્ચ આવરી લીધેલ છે. આ યોજનામાં મહીપરીએજ માંથી મળતું પાણીનો ઉપયોગ કરવાનો રહે છે. આ વિસ્તાર ખુબ જ વિકાસ પામેલ છે. સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં જયા જરૂર જણાય ત્યાં પાણીની પાઇપ લાઇનની સગવડતા ઉભી કરી, પાણીની સગવડ ઉભી કરવાનો લક્ષ્યાંક આ વર્ષમાં પુરો કરવા માંગે છે.

અધેવાડા ગામની આજુબાજુમાં તેમજ ભાવનગર મહાનગરપાલિકા અને ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની હદને અડીને આવેલ કુલ ૩૫ સોસાયટીના રહીશોને પીવાના પાણી માટેનો પ્રોજેકટ વિચારણા કરવામાં આવે છે. નીચે જણાવેલ વિગતોએ સદર પ્રોજેકટનું આયોજન વિચારણા કરવામાં આવેલ છે.

**(૧) આ પ્રોજેકટ હેઠળ કુલ ૩૫ સોસાયટી આવરી લેવામાં આવેલ છે. :**

| | | |
|---|---|---|
| ૧. ભગતસિંહ સોસાયટી | ૨. સીતાનગર સોસાયટી | ૩. શકિતનગર સોસાયટી |
| ૪. ખોડીયાર નગર સોસાયટી | ૫. મીરાનગર સોસાયટી | ૬. હીમાલય સોસાયટી |
| ૭. મારૂતિ સોસાયટી | ૮. તુલસી કોટેજ સોસાયટી | ૯. અમીધારા સોસાયટી |

| | | |
|---|---|---|
| ૧૦. અંબિકા નગર | ૧૧.ભક્તિનગર | ૧૨.રાધેશ્યામ નગર |
| ૧૩. ગોપાલ નગર | ૧૪. રાધેકિશન સોસાયટી | ૧૫. મોહનપાર્ક |
| ૧૬. માધવનગર | ૧૭. જવાહરનગર | ૧૮. જગદીશ્વર પાર્ક |
| ૧૯. રેખા સોસાયટી | ૨૦. મોહનનગર | ૨૧. અક્ષરધામ સોસાયટી |
| ૨૨. શીવનારાયણ સોસાયટી | ૨૩. અપંગ પરિવાર | ૨૪. લક્ષ્મીનગર |
| ૨૫. હિલપાર્ક-૨ | ૨૬. અધેવાડા ગામ | ૨૭. ગોર્વધન નગર |
| ૨૮. ગાયત્રી નગર | ૨૯. જી.એચ.વી.કોલોની | ૩૦. મરીન ડેન ટેનામેન્ટ |
| ૩૧. સીતારામ નગર | ૩૨. મહાવીર નગર | ૩૩. આહીર ચોરા |
| ૩૪. હિલપાર્ક-૩ | ૩૫. મણિનગર | |

(૨) **સદર પ્રોજેક્ટ હેઠળ નીચે જણાવેલ વિગતો સાથે આયોજન કરવામાં આવેલ છે. :**

(૧) આર.સી.સી. સમ્પ - ૩ નંગ - ક્ષમતા ૧.૫ લાખ લીટર, ૧૦ લાખ લીટર, ૨.૫ લાખ લીટર

(૨) મહીપરીએજ બુધેલ સમ્પથી મેઈન સમ્પ સુધી પાઈપ લાઈન નાખવી

(૩) પંપ હાઉસ - ૩ નંગ

(૪) પમ્પીંગ મશીનરી

(૫) ઓવરહેડ ટાંકી - ૭ નંગ - ૧૦ લાખ લીટરની ક્ષમતા

(૬) પાઈપ લાઈન – ૧૦,૦૦૦ મીટર

(૭) ઈલેક્ટ્રીક પ્લાન કનેકશન ખર્ચ

(૮) સ્ટાફ ખર્ચ

ઉપર જણાવેલ વિગતોએ કુલ ૧.૨૯ કરોડનો ખર્ચ થવા સંભવ છે.

સદર પ્રોજેક્ટ કરવાનો હેતુ આજુબાજુના જે વિસ્તાર આવેલ છે તે વિસ્તાર હાલમાં ખૂબ જ વિકસીત છે અને અંદાજે આ વિસ્તારમાં ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ ની વસ્તી રહે છે. જે વિસ્તારમાં

હાલમાં પાણીના તળ ભાભરા છે, જે પીવાલાયક પાણી છે નહિ જેથી દરેક લોકો ટેન્કર થી પીવાનું પાણી મંગાવે છે જે પાણીનો વિકટ પ્રશ્ન ધ્યાનમાં લઇ સદર યોજના કરવી વધુ હિતાવહ છે અને આ વિસ્તાર ભાવનગર મહાનગરપાલિકાની હદને અડીને આવે છે, જેથી આવનાર વર્ષોમાં સદર વિસ્તાર ભાવનગર મહાનગરપાલિકામાં ભેળવવાનો થાય ત્યારે સદર યોજના ખૂબ જ અગત્યની પુરવાર થાય તેમ છે. તેમજ વધુ વિસ્તારમાં પાણી મળી રહે તેમ છે. જેથી સદર યોજના કરવી જરૂરી છે.

## ડ્રેનેજ વિભાગ :-

-----------------

અધેવાડા ગામ વિસ્તારમાં આવેલ સોસાયટી ભાવનગર મહાનગરપાલિકા અને બાડાની હદને અડીને આવેલ છે. તે કુલ ૩૫ સોસાયટીને આવરી લેતા ડ્રેનેજ પાઇપ લાઇન નાખવાનું કામ વિચારણા હેઠળ છે. જેમાં પાઇપ લાઇન, મેન હોલ, ઇન્સ્પેકશ ચેમ્બર, સ્ટાફ વગેરેની ગણત્રી કરતાં અંદાજે રૂ.૪૦,૦૦,૦૦૦/- લાખનો ખર્ચ થાય તેમ છે. આ વિસ્તાર હાલમાં ખુબ જ વિકાસ પામેલ છે.

અધેવાડા ગામની આજુબાજુમાં આવેલ વિસ્તારમાં કુલ ૩૫ સોસાયટીઓનો વિકાસ થયેલ છે અને આ વિસ્તાર ભાવનગર મહાનગરપાલિકાની હદને અડીને આવેલ છે. જેથી કુલ ૩૫ સોસાયટીના રહીશો માટે ડ્રેનેજની સગવડતા કરવી વધુ જરૂરી છે.

આ કામ માટે અંદાજે ૨૦૦૦ મીટર લંબાઇની પાઇપ લાઇન નાખવાની થાય છે.

અંદાજે કુલ ૪૦૦ નંગ મેન હોલ બનાવવાના થાય છે અને કુલ ૩૫ સોસાયટીના મકાનોના જોડાણ માટેની સુવિધા કરવાની રહે છે. તેમજ જરૂરી સ્ટાફની પણ ગણત્રી કરેલ છે.

આમ, કુલ ૩૫ સોસાયટીની ડ્રેનેજ લાઇનની પાઇપ નાખવાનો અંદાજે રૂ.૪૦,૦૦,૦૦૦/- લાખનો ખર્ચ થાય છે.

**આમ, ઉપરોકત બંને યોજનાઓ ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા ટુંક સમયમાં પૂર્ણ થવામાં છે.**